गुजरातना इतिहासनो संक्षेप.

કિમત ૧॥ આનો.

गुजरातना इतिहासनो संक्षेप.

વાઘેલાવંશ સુધી,

બીજી કેટલીએક જરૂરની હકીકતો સાથે.

નવા ચોથા ધોરણના

વિદ્યાર્થીઓના અભ્યાસ લાયક.

મહાશંકર ઈશ્વરભાઈ વ્યાસ.

અમદાવાદ મિશન ટ્રેનિંગ સ્કૂલના

હેડમાસ્તરે છપાવી પ્રસિદ્ધ કર્યો.

अमदावाद.

ઘી કાંટા આગળ શાગળ બેહેચરના ડેહેલામાં

હરગોવિંદદાસ નરોતમદાસે પોતાના

છાપાખાનામાં છાપ્યો.

સંવત ૧૯૨૯. સન ૧૮૭૩.

કિંમત ૧।। આનો.

सुभेछक मुरबी. नरोत्तम नित्यानंद.

जे दिवसथी मारुं ने तमारुं मळवुं थयुंछे ते दिवसथी तमे मारा तरफ पुर्ण ममताने हेत बतावोछो, तथा अगत्यने वखते पुरती मदद अने हिमत आपो छो. तेमज हरेक सुभ काममां आगळ पडी झुंडो उठावी पार पाडोछो; ने स्वजातिमां कोइ रुडो निकळे एवी आकांक्षा राखोछो. एवा कारणने लीधे मारो तमारा उपर घणो प्रेम छे ते जणाववा आ लघु पुस्तक आपने अर्पण करुंछुं ते अंगीकार करशो.

तमारो आज्ञांकित,

महाशंकर इश्वर.

પ્રસ્તાવના.

આ ઇતિહાસ લખવાની મને કાંઇ પણ અગત્ય નહોતી, કારણ કે ઘણાક છપાઇને બહાર પડેલાછે. પણ સન ૧૮૭૧ ની સાલમાં મેં હિંદુસ્તાનનો ઇતિહાસ છપાવ્યો તેને પુઠે નવા ચોથા ધોરણના ઉપયોગ સારૂ આ ઇતિહાસની વાઘેલાવંશ સુધીની ખબર આપી હતી, પરંતુ સરકાર તરફથી મારી નોકરી કાઠીઆવાડમાં થઇ

તેથી એ છપાવવો રહી ગયો ને જાહેર ખબર ઉપરથી સુરત અને બીજી કેટલીએક જગાએથી કાગળો આવ્યા; તે ઉપરથી અગત્ય જાણી પ્રસંગ મળે આ ઇતિહાસ લખ્યો છે. પણ લાચાર છું કે જાહેરખબરમાં આપેલી કીમત કરતાં પાઆનો વધારે રાખવી પડીછે કારણ ધર્યા કરતાં ખરચ વધી ગયું.

આ બધુ પુસ્તક ઘણીજ સંભાળથી અને રાસમાળા તથા બીજા ઇતિહાસ ઉપરથી પુર્ણ શોધ કરી લખ્યુંછે. માટે વિશેષ કરી મારા વિચાર પ્રમાણે કાંઇ પણ ખોટું નહિ હોય. એમ છતાં કાંઇ ચૂક નજર આવે વાંચનાર વિદ્વાન દરગુજર કરશે એવી આશાછે.

આંમાં ઇતિહાસ વાઘેલા વંશસુધી પુર્ણકરી પછીથી રજપૂતોની, મુસલમાનોની અને મરેઠાઓની રાજનીતિ વિષેકાંઇ દર્શાવ્યુંછે. સબબ તેથી કાંઇ સુબોધ પ્રાપ્ત થાય અને આગળનો દુઃખીકાળ જાણી હાલના કાળ વિષે વિચાર આવે. તેમજ કેટલાંક જાણવા જેવાં સ્થળો, મકાનો અને હાલજે ગુજરાતમાં ખંડાઆં સંસ્થાનોછે તેની ટુકામાં હકીકત લખીછે. કારણ આ ઇતિહાસ જાણનારને એ પણ અગત્યનુંછે.

આનાં પાંચ પ્રકરણ કરી પહેલામાં દેશ અને પ્રાચિન ઇતિહાસ, બીજામાં ચાવડાવંશ, ત્રીજામાં સોલંકીવંશ, ચોથામાં વાઘેલા વંશ અને પાંચમામાં પરચુરણ બાબતો વર્ણવીછે. દરેક બાબત કે રાજાનું નામ લઇ તે વિષે પૂર્ણ કરી આગળ ચલાવ્યુંછે.

અમદાવાદ, તા૦ ૨૧-૨-૭૩ મા૦ ઈ૦

રાજાઓનું કોષ્ટક.

ચાવડાવંશ.

નામ.	બેઠા	રાજ કર્યું
વનરાજ.	૭૪૬	૬૦
યોગરાજ.	૮૦૬	૩૫
ખેમરાજ.	૮૪૧	૨૫
ભૂવડ	૮૬૬	૯
વૈરીસિંગ.	૮૭૫	૪૫
રત્નાદીત.	૯૨૦	૧૫
સામતસિંગ.	૯૩૫	૭

શોલંકીવંશ.

મૂળરાજ.	૯૪૨	૫૫
ચામુડ.	૯૯૭	૨૮
વલ્લભ.	૧૦૨૫	૦
દુર્લભ.	૧૦૨૫	૭
ભીમદેવ.	૧૦૩૨	૪૦
કરણ.	૧૦૭૨	૨૨
સિદ્ધરાજ.	૧૦૯૪	૪૯
કુમારપાળ.	૧૧૪૩	૩૧
અજેપાળ.	૧૧૭૪	૩
બાળમુળ.	૧૧૭૭	૧
ભોળોભીમ.	૧૧૭૮	૩૭

વાઘેલાવંશના રાજાઓએ ક્યાંથી ક્યાં લગણ રાજ કર્યું તે પ્રતીત થયું નથી.

મુસલમાન સ્વતંત્ર રાજા.

૧	મુજફરશાહ.	૧૩૯૬	૧૬
	અહમદશાહ	૧૪૧૨	૩૧
	મહમદશાહ.	૧૪૪૩	૮
	કુતબશાહ.	૧૪૫૧	૮
	દાઉદશાહ.	૧૪૫૯	૧ માસ
૧	મમદબેગડો.	૧૪૫૯	૫૨
૨	મુજફરશાહ.	૧૫૧૧	૧૫
	સિંકદરશાહ.	૧૫૨૬	૦
૨	મહમદશાહ.	૧૫૨૬	૦
	બહાદુરશાહ.	૧૫૨૬	૧૦
	મીરાનશાહ.	૧૫૩૬	૧૭
૩	મહમદશાહ.	૧૫૫૩	૮
૨	અહમદશાહ.	૧૫૬૧	૦
૩	મુજફરશાહ.	૧૫૬૧	૧૨

ગાયકવાડ રાજા.

પીલાજી.	૧૭૩૦	૨
દામાજી.	૧૭૩૨	૩૬
શિયાજી.	૧૭૬૮	૨૪
ગોવિંદરાવ.	૧૭૯૨	૮
આણંદરાવ.	૧૮૦૦	૧૯
શીવાજી.	૧૮૧૯	૨૮
ગણપતરાવ.	૧૮૪૭	૯
ખંડેરાવ.	૧૮૫૬	૧૪
મહલારરાવ.	૧૮૭૦	

એ મહારાજ અદ્યાપી રાજ કરેછે.

गुजरातना इतिहासनो संक्षेप.

प्रकरण १ लुं.

દેશ. આ દેશની પૂર્વે માળવા, ખાનદેશ, બુંદેલખંડ વિગેરે, તેમજ ઉત્તરે મેવાડ શીરોહી અને કચ્છનું રણ; દક્ષિણે આરબી સમુદ્ર તથા કોકણ અને પશ્ચિમે અરબી સમુદ્રછે. એના પૂર્વ પશ્ચિમ લંબાઈ ૩૬૦ માઈલ અને ઉત્તર દક્ષિણ પોહોળાઈ ૩૨૦ માઈલ તથા વસ્તી આસરે ૭૦ કરોડનીછે તેમાં ૧ લાખને ૩૦ હજાર ગાયકવાડના રાજનીછે.

દેશનું નામ. આ દેશના જૂદા જૂદા ભાગનાં જૂદાં જૂદાં નામ હતાં. કાઠીઆવાડને આનર્ત, કુષદ્વિપ, સોરાષ્ટ્ર; ભરૂચની આસપાસના ભાગને લાટ અને કચ્છને અનુપ દેશ કહેતા. (કચ્છ પણ ગુજરાતમાંજ ગણાતું.) કેટલેક દહાડે રૂશિયાના સિમાડા ઉપરના જારજીઆ પ્રાંત્તના ગુજર લોકો પંજાબ, મારવાડ વિગેરે ઠેકાણે આવી વશ્યાને ત્યાંથી આસરે ઇ. સ.ના સાતમા સૈકામાં આ દેશમાં આવી રહ્યા, તેથી તેમના ગુજર નામપરથી આ દેશનું નામ ગુજરાત કહેવાયું.

વિભાગ. આ દેશમાં ઈંગ્રેજ સરકારના રાજના ભાગ કરીને જીલ્લા કહેછે. દેશી રાજનાં નાના સંસ્થાન એકઠાં કરેલાને ઇલાકો ને મોટા રાજને સંસ્થાન કહેછે. અમદાવાદ, ખેડા (એની સાથે પંચમાહાલ) સુરત અને ભરૂચ જીલ્લા; કાઠીઆવાડ, ગા

લણપુર, મહીકાંઠા, રેવાકાંઠા અને સુરત ઇલાકા; ગાયકવાડ અને ખંભાત સંસ્થાનછે.

પહાડને નદિયો. પાવાગઢ, આબુ, ગીરનાર, સેત્રુંજો, આરાશુર ઇત્યાદિ પહાડો અને મહી, નર્મદા, તાપી તથા બાદર ઇત્યાદિ નદિયો ઘણી છે.

જમીન, પાક તથા વેપારની જણસો. ચરોત્તરની (ખેડા જીલ્લાની), કાનમની, (ભરૂચ જીલ્લાની), અને અમદાવાદ જીલ્લાની ઘણી ખરી જમીન રસાળછે; કાઠીઆવાડ, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, અને સુરત ઇલાકાની સપાટ તથા પહાડીછે તો પણ કેટલેક ઠેકાણે રૂ, ઘઉં ઇત્યાદિ વસ્તુની સારી નીપજ થાયછે. રસાળ જમીનમાંથી, બાજરી, ડાંગેર, તુવેર અને બીજુ કઠોળ ઇત્યાદિ અનાજ, તથા રૂ, ગોળ, કસુંબો, ગળી, ભીંડી અને મીઠાનો* પાક થાયછે, વળી આ દેશમાં સત્રંજી, અકીકના પથરા, કાચ, સાબુ, અને સુતરાઉ તથા રેશમી અને જરીના કાપડનો વેપાર ધીકારાબંધ ચાલેછે.

પ્રાચિન ઈતિહાસ. આ દેશમાં જુનામાં જુનું રાજ કૃષ્ણ જેને આપણે હિંદુઓ ઇશ્વરનો અવતાર કહીએછીએ તેનું જણાયછે. એ કૃષ્ણને મગધના રાજા જરાસંધે અરાડવાર લડાઇ

---

* આ દેશમાં મીઠું ગસીઉં ને વરાગડું એવી બે જાતનું થાયછે. ગસીઉં સમુદ્રના પાણીથી અને વરાગડું કુવાના પાણીથી પકવવામાં આવેછે. આ વરાગડા મીઠા જેવું મીઠું આખી મુંબાઈ પ્રસીડેન્સીમાં પાટડી સિવાય બીજી કોઈ જગાએ થતું નથી.

કરી મથુરાંથી નસાડ્યા; ત્યારે એમણે આવી આસરે ત્રણ હજાર વરસ ઉપર દ્વારકામાં રાજધાની કરી. એમના વંશને જાદવ કહેછે, કારણકે બુદ્ધના વંશમાં યાયુતી રાજા થયો, તેને ઉરૂ, પુરૂ ને યાદુ એ ત્રણ દીકરા હતા, તેમાં યાદુના વંશના યાદવ કહેવાયા. એઓની સંખ્યા પ૬ કરોડની હતી એવો લખ્યછે. એ યાદવો દ્વારકાંથી જાત્રાને અર્થે પ્રભાસ આવ્યા ને કેફ કરી માંહો માંહે લઢી મુઆ. પરંતુ કૃષ્ણ એ રીતે મુઆ નથી. એ એક ઝાડ તળે સુતા હતા ત્યાં આગળ કોઇ ભીલે હરણ જાણી તીર માર્યું, તેથી મરણ પામ્યા. હાલ એ જગાને દેહોત્સર્ગ અને યાદવોની લડાઇને યાદવાસ્થળી કહેછે.

યાદવોના નાશ પછી બાક્ત્રીઆથી (સ્વતંત્ર તાતાર) આવેલા યવન અને હિંદુસ્થાનની ઉત્તરમાંથી આવેલા સિથિયન (શક) લોકો આવી આ દેશમાં વસ્યા, અને લોકોમાં મળી ગયા.

કૃષ્ણના રાજ પછીના ચૌદસેં વરસનો ઇતિહાસ મળતો નથી, પરંતુ હિંદુસ્તાનના મોર્ી અને ગુપ્તવંશના રાજાઓની આ દેશમાં સત્તા હતી એવું જણાયછે. તેમાંથી ગુપ્તવંશના છેલ્લા રાજાના સેનાપતિ ભટાર્કે આસરે ઇ. સ. ના ચોથા સૈકામાં આ દેશમાં આવી વલભીપુરમાં (એને ઠેકાણે હાલ કાઠીઆવાડમાં વળાછે) રાજ સ્થાપ્યું. એના વંશમાં ઘણા રાજા થયા પરંતુ તેમનો બરાબર વૃત્તાંત મળતો નથી. છેલ્લો રાજા સિલાદિત્ય થયો, તેના વખતમાં બૌદ્ધ અને જૈનધર્મના સાધુઓ વચ્ચે વિવાદ થયો, તેમાં બૌદ્ધો જીત્યા ને જૈનોને કાહાડી મેલ્યા. પછી શિલાદિત્યના ભાણેજ

મૂળ થઈ ગયો, તેણે વિદ્યાભ્યાસ કરી બૌદ્ધોને હરાવી કહાડીને જૈનોની સ્થાપના કરી.

વલ્લભીપુરના નાશ વિષે જૂદા જૂદા મત છે. પણ બીજા અસંભવિત જાણી જે ખરો લાગ્યો છે તે આ પ્રમાણે-કોઇ મારવાડનો કાકુ નામનો વેપારી વલ્લભીપૂરમાં રહેતો હતો, તેની છોડી પાસે સોનાની જડાવ કાંસકી હતી, તે શિલાદિત્યે પોતાની છોડી સારૂ જોર જુલમથી લેઇ લીધી, તેથી તે વેપારીએ ક્રોધે ભરાઈ સિંધના મ્લેચ્છ રાજાને કેટલુંએક દ્રવ્ય આપી વલભીપુરનો નાશ કરાવ્યો. એના નાશ વિષે કંઇ ખચીત થતું નથી, પણ આસરે ઈ. સ. ના છઠ્ઠા સાતમા સૈકામાં નાશ થયો હશે એવું ધરાય છે.

प्रकरण २ जुं.

ચાવડા વંશ. વલ્લભીપુરનો નાશ થયો તે વખતે પ્રભાસ પાટણમાં ચાવડા રજપૂતો જોરપર આવેલા હતા. તેમાંના જયશિખરીએ ઇ. સ. ૬૯૬ માં કચ્છના રણ આગળ ઝીંઝુવાડાની પાસેના પંચાસરમાં રાજ સ્થાપ્યું. એ વંશના રજપૂતો પ્રભાસમાં રહી વાહાણ લૂટવાનું કામ કરતા હતા તેથી એમનું નામ ચોરા એટલે ચાવડા પડ્યું. તેમાં પહેલો રાજા જયશિખરી થયો.

જયશિખરી. આ રાજાની પાસે ઘણું દ્રવ્ય હતું અને એની રાણી રૂપસુંદરી ઘણીજ રૂપાળી હતી, તેમજ એના રાજની શોભા ઘણીજ સારી હતી. આ બધા ઠાઠની વાત દક્ષિણના કલ્યાણ શેહેરનો કોઈ સોળંકી ભૂવડ રાજાએ જાણી, તેથી

તેણે એનું રાજ જીતવાની મરજી કરી પોતાના મુખ્ય સરદાર મીરને ચઢાઈએ મોકલ્યો. મીરને જયશિખરીને સાળે શૂરપાળે હરાવી પાછો કહાડ્યો, તેથી ભૂવડે ક્રોધાયમાન થઈ પોતાના શોળ જોધ્ધા※ સહવર્તમાન પંચાસર ઉપર ચઢાઈ કરી બાવન દીવસ યુદ્ધ મચાવ્યું, પરંતુ જયશિખરી હાર્યો નહિ. ત્યારે ભૂવડે શૂરપાળને ફોડવાનું કર્યું પણ તે ફુટ્યો નહિ. આખરે જયશિખરીના ઘણાં માણસ ખપી ગયાં તેથી તેણે જાણ્યું કે હવે મરવાને વખત આવ્યો એમ ધારી પોતાની સ્ત્રી રૂપસુંદરીને શૂરપાળ સાથે વનમાં નસાડી મૂકીને પોતે શત્રુની સામા રણમાં પડ્યો ને મરાયો. તેના મુઆ પછી તેની બાજી સ્ત્રીઓએ લડાઈ જારી રાખી ભૂવડના લશ્કરને ગામ બહાર કહાડી પોતે પોતાના સ્વામીના મુડદા સાથે બળી મુઈઓ.

શૂરપાળ પોતાની બેનને વનમાં મુકી આવીને જુએછે તો પોતાનો બનેવી મરણ પામેલો, તેથી તે નાશી ગીરનારમાં જઈ રહ્યો. રૂપસુંદરી ગર્ભવંતી હતી માટે તેને પેટે કેટલેક દહાડે દીકરો થયો તેનું નામ વનરાજ પાડ્યું. વનરાજ મોટોને સમજણો થયો એટલે પોતાના મામા સાથે રહી લુટારાનું કામ કરવા લાગ્યો અને પોતાની ૧૪ વર્ષની ઉમ્મરે કેટલાએક ભીલ વિગરેનો જમાવ કરી પંચાસર જીતી પોતાના બાપનું વૈર લીધું. પણ પછીથી હાર્યો માટે ઈ. સ૦ ૭૪૬માં પોતાની ૫૦ વર્ષની ઉમ્મરમાં

※ જોધ્ધાનાં નામ. ચંદ, દુંદ, ભટ, વેદ, વિર, સિંહ, સિંધુ, ગિરિ, ધીર, સામત, ધીમત, ધન્ની, પદુ, ભીમ, મહારથી અને મીર.

અણહિલવાડ એટલે પાટણ વસાવ્યું ને પોતાની રાજ્યધાની કરી.

વનરાજ. ઈ. સ. ૭૪૬ માં ગાદીએ બેઠો ૬૦ વરસ રાજ્ય કરી ૮૦૬ માં ૧૧૦ વરસની ઉમ્મરે મર્ણ પામ્યો. એને અણહિલ નામે ભરવાડે રસ્તો બતાવ્યો હતો માટે તેના નામથી અણહિલવાડ(પાટણ)વસાવ્યું. શ્રીદેવી નામની સ્ત્રીએ કોઇ અગત્યને વખતે ખાવા આપ્યું હતું માટે ગાદીના વખતે તેને હાથે ટીલું કરાવ્યું ને પોતાના મીત્ર ચાંપાને પ્રધાન ઠરાવ્યો. આ વખતે શૂરપાળ મરણ પામ્યો હતો. એના પછી એનો દીકરો યોગ્યરાજ થયો.

યોગ્યરાજ. ઈ૦ સ૦ ૮૦૬ માં ગાદીએ બેઠો. ૩૫ વરસ રાજ કરી ઈ૦સ૦ ૮૪૧ માં મરણ પામ્યો. એ ઈન્સાફી, વિદ્વાન ને બાણ વિદ્યામાં લડવૈયો હતો. એના પછી એનો દીકરો ખેમરાજ થયો. એ ખેમરાજે પ્રભાસને બંદરે કેટલાંએક વહાણ લૂટયાં હતાં તેથી યોગ્યરાજે બહુ એને ઠપકો દીધો હતો.

ખેમરાજ. ઈ૦ સ૦ ૮૪૧ માં ગાદીએ બેઠો ૨૫ વરસ રાજ કરી ૮૬૬ માં મરણ પામ્યો. એણે રાજની સીમા વધારી હતી. એ સ્વભાવે આકળો અને બહાદુર હતો. એના પછી એનો દીકરો ભૂવડ થયો.

ભૂવડ. ઈ૦સ૦ ૮૬૬ માં ગાદીએ બેઠો. ને ૯ વરસ રાજ કરી ૮૭૫ માં મરણ પામ્યો. એના વખતમાં કાંઈ જાણવા જેવી બિના બની નથી, તે પછી વૈરીસિંહ થયો.

વૈરીસિંહ. ઈ૦ સ૦ ૮૭૫ માં ગાદીએ બેઠો. ૪૫ વરસ રાજકરી ૯૨૦ માં મરણ પામ્યો. એના વખતમાં પણ કાંઈ જા-

ણુવા જેવી બિના બની નથી. તેના પછી તેનો પુત્ર રત્નાદિત થયો.

રત્નાદિત. ઇ० સ० ૯૨૦ માં ગાદીએ બેઠો ને ૧૫ વરસ રાજ્ય કરી ૯૩૫ માં મરણ પામ્યો. એ સત્યવાદી શૂરો ને પરાક્રમી હતો. એના પછી સામતસિંગજી થયો.

સામતસિંગ. ઇ० સ० ૯૩૫ માં ગાદીએ બેઠો ૭ વરસ રાજ કરી ૯૪૨ માં મરણ પામ્યો. આ ચાવડા વંશનો છેલો રાજા હતો. એ ઘણો અપ્રમાણિક, દારૂડીઓ તથા દમવનાનો હેસો. એને પેટે દીકરો નહોતો તથા એ મુઓ એટલે ચાવડા વંશની સમાપ્તી થઇ. એ વંશ ઇ० સ० ૭૪૬ થાતે ૯૪૨ સુધી ૧૯૬ વરસ ચાલ્યો.

प्रकरण ३ जुं.

શોળંકીવંશ. ઉપર બએલા સામતસિંગજીને લીલા નામે એક બેન હતી તે કલ્યાણીના શોળંકી રજપૂત રાજા રાજને દરબાવર વરી હતી, તેને પેટે મૂળરાજ નામે દીકરો થયો. એને એક દહાડો સામતસિંગજીએ દારૂના ઘેનમાં ગાદી આપી ને ઘેન ઉતર્યું ત્યારે ફરી ગયો તેથી મૂળરાજે લડાઇ કરી મોસાળનું નિકંદન કર્યું ને પોતે ગાદીએ બેઠો.

મૂળરાજ. એણે ઇ० સ० ૯૪૨થી તે ૯૯૭ સુધી ૫૫ વરસ રાજ કર્યું. એ શૂરો અને પ્રાક્રમી હતો, ગાદીએ બેઠો તે વખતે અજમેર અને તેલંગણના રાજાએ ચડાઇ કરી, તેમાં અજમેરના રાજાને કાંઇ આપી પાછો કાહાડ્યો અને તેલંગ-

ણના રાજા સાથે લડાઇં કરી તેના સરદાર બાર્પને માર્યો. વળી એણે જુનાગઢના રાજા ગ્રહરીપુની સાથે લડાઈ કરીને તેની મદદે આવનાર કચ્છના લાખાનો નાશ કર્યો. એણે લાટ દેશના, આબુના, દેવગીરીના અને કોલાપૂરના રાજાને પોતાની આણ મનાવી હતી. એ ઘરડો થયો ત્યારે પોતાના મોશાળનું નિકંદન કરચું તેથી પરતાઈને સિદ્ધપૂર ક્ષેત્રમાં ગયો. ત્યાં ઘણું ધર્મદાન કરી રૂદ્રમાળાનું દેરૂં બંધાવવાનું કામ આરંભાવ્યું. પણ તે પુરૂં થતાં પેહેલાં એ મરણ પામ્યો, એના પછી એનો દીકરો ચામુંડ થયો.

ચામુંડ. ઈ૦સ૦ ૯૯૭ થી ૧૦૨૫ સુધી ૨૮ વરસ રાજ કરયું. એ એના બાપ જેવો ધર્મિષ્ટ હતો, એને વલ્લભ, દુલ્લભ અને નાગરાજ એ ત્રણ દીકરા હતા. એના વખતમાં ગીજનીના મહમદ બાદશાહે ઈ૦સ૦ ૧૦૨૪–૨૫ માં ચઢાઇ કરી એકદમ આવી પાટણ જીત્યું. તેથી ચામુંડ નાશી ગયો તે ફરી આવ્યો જ નહીં. મહમદે ત્યાંથી સોરઠી સોમનાથ ઉપર ચઢાઈ કરી તેથી ગુજરાતના રાજા સહવર્તમાન ઘણા રાજાઓ સોમનાથની વાહારે ગયા, અને તેમણે તેની સાથે ત્રણ દહાડા સુધી યુદ્ધ કરયું. પરંતુ તેમની હાર થઇ છેલીવારે રાજા વલ્લભ પણ હાર્યો, એટલે મહમદે દેવળમાં જઇ મૂર્તિ ભાગી કરોડો રૂપીઆનું ધન હરણ કરયું ને ત્યાંથી તે નાગરાજના દીકરા ભીમદેવને પકડવા સારૂં નિકળ્યો. (કારણ કે એણે પણ વલ્લભની સાથે રહી લડાઇ કરી એનાં ઘણાં માણસ મારયાં હતાં) પણ ભીમદેવ ત્યાંથી નાશીને પેહેલો ગંદબાને કીલે

અને પછી અજમેર જઇ ત્યાંથી મદદ લેઇ મહમદનો રસ્તો રોકી બેઠો. મહમંદ એની પાછળ ન પડતાં પાટણ આવી વલ્લભના ભાઇ દુલ્લર્ભને ગાદી આપી. કારણ કે દુર્લભ નરમ્યો અને ખંડણી આપવી કબુલ કરી. મહમદને ભીમદેવે રોકયો તેથા તથા કોઇએ તેને આડો માર્ગ બતાવ્યો તથા તે ભૂલો પડયો ને પાણી વિના તેનાં હજારો માણસ માર્યાં ગયાં.

દુલ્લર્ભ. વલ્લભ ઇ० સ० ૧૦૨૫ માં ગાદીએ બેઠોને તેજ સાલમાં તેને ઉઠાડી મૂકયો એટલે એ સાલમાં દુલ્લર્ભ થયો. એણે ૧૦૩૨ સુધી ૭ વરસ રાજ કર્યું. એ જીવ ઉપર ઘણી દયા રાખતો, એણે ઘણાં દેવળો તથા તળાવો બાંધ્યાં હતાં. એણે નાગરાજના દીકરા ભીમદેવને રાજ આપ્યું ને પોતે તથા નાગરાજ બંને તિર્થ કરતા ફર્યા.

ભીમદેવ. ઇ०स० ૧૦૩૨થી ૧૦૭૨ સુધી ૪૦ વરસ રાજ કરયું. એને કરણ, ખેમરાજ અને મૂળરાજ એ ત્રણ દીકરા હતા. એ ઘણો પ્રાક્રમી ને બાણવિદ્યામાં કુશળ હતો. એણે સિંધના રાજાને હરાવી તાબે કરયો. અજમેરના રાજા વિશળદેવ સાથે લડાઇ કરી પરંતુ પછી સમાધાન થયું. (એ વિસળદેવે વિસનગર વસાવ્યું.) વળી કાશીના કરણ જોડે સલાહ કરી માળવા ઉપર ચઢાઇ કરી. એટલામાં માળવાનો ભોજરાજા મરણ પામ્યો, તથા તેનું રાજ કાશીના રાજાએ ને એણે વેહેંચી લીધું. એના પછી એનો મોટો દીકરો કરણ થયો.

કરણ. ઇ. સ. ૧૦૭૨ થી તે ૧૦૯૪ સુધી ૨૨ વરસ રાજ

કર્યું. એણે કરણસાગર તળાવ વિગેરે જગાએ બંધાવી, તથા ભીલ, કોળી અને મેવાસી વગેરેનો બંદોબસ્ત કર્યો, એના પછી એનો દીકરો સિધ્ધરાજ કાચી ઉમરમાં પાટ બેઠો.

સિદ્ધરાજ. ઇ૦ સ૦ ૧૦૯૪ થી તે ૧૧૪૩ સુધી ૪૯ વર્ષ રાજ કર્યું. આ રાજામાં ઘણા સારા ગુણ હતા, પરંતુ સ્ત્રી લંપટ હતો એ એનામાં મોટો દોષ હતો. એની કાચી ઉમરમાં માળવાના યસોવરમાને એના ઉપર ચઢાઇ કરી હતી, તેનું વેર વાળવાને એણે તેના ઉપર બાર વરસ સુધી ચઢાઇ કરી તેને પકડી કેદ કર્યો. વળી બીજી જુનાગઢના રાજા રાખેંગાર સાથે તેની સ્ત્રી લેવા ઉપર પ્રમાણે બાર વરસ સુધી ચઢાઇ કરી આખર તેને માર્યો. પણ તેની સ્ત્રી રાણકદેવી સિધ્ધરાજના હાથમાં ન જતાં વઢવાણ આગળ સતી થઇ. એના દરબારમાં જગદેવ પરમાર શૂરો રજપૂત તથા હિમચાર્ય મોટા પંડીત હતા. હિમચાર્યે હિમવ્યાકરણ તથા હિમકોષ નામે ગ્રંથ લખ્યા હતા તે અદ્યાપી લગણ પ્રસિધ્ધ છે. સિધ્ધરાજે મૂળરાજનાં આપેલાં ગામનો બ્રાહ્મણોને ફરી લેખ કરી આપ્યો તથા અધુંરૂં રહેલું રૂદ્રમાળનું દેહરૂં પુરૂં કરાવ્યું. એ શિવધર્મી હતો. એને પેટે કંઇ સંતાન નહોતું તેથી એનો પિતરાઈ કુમારપાળ પોતાની ૫૦ વર્ષની ઉમરે ગાદીએ બેઠો †

કુમારપાળ. ઇ૦ સ૦ ૧૧૪૩ થી ૧૧૭૪ સુધી ૩૧ વરસ રાજ કર્યું. એણે અજમેરના રાજા વિસળદેવના દીકરા આ-

† કરણનો ઓરમાઇ ભાઇ ખેમરાજ તેનો દીકરો દેવપ્રસાદ, તેનો ત્રીભુવનપાળ ને તેનો કુમારપાળ.

નકને તથા મારવાડ અને માળવાના રાજાને હરાવી તાબે કરયા. તેમજ કોકણના રાજા મલીકાર્જુનને લડાઈ કરી માર્યો. એના પછી એના ભાઈ મહિપાળનો દીકરો અજેપાળ થયો.

અજેપાળ. સં૦ સં૦ ૧૧૭૪ થી ૧૧૭૭ સુધી ત્રણ વરસ રાજ કર્યું. એ શીવધર્મ પાળતો હતો, તેથી એણે જેનો ઉપર ઘણો જુલમ કર્યો. એના પછી એનો દીકરો બાળમૂળ રાજ ગાદીએ બેઠો.

બાળમૂળરાજ. સં૦ સં૦ ૧૧૭૭થી ૧૧૭૮ સુધી એક વરસ રાજ કર્યું. એને નાનપણમાં ગાદી મળી હતી માટે રાજ કારભાર એની મા કરતી અને લડાઈનું કામ એનો કાકો ભીમદેવ ચલાવતો. એના વખતમાં શાહાબુદ્દીને ચઢાઈ કરી હતી, તેને ભીમદેવે ૧૧૭૮ માં હરાવી પાછો કહાડ્યો. એના પછી એજ ભીમદેવ ગાદીએ બેઠો, એને ભોળો ભીમ કહે છે.

ભોળોભીમ. સં૦ સં૦ ૧૧૭૮ થી ૧૨૨૫ સુધી ૩૭ વરસ રાજ કર્યું. આ રાજાને અજમેરના રાજા સાથે કેટલાંક કારણોથી વેર હતું તે વાળવા સારૂં એણે અજમેર ઉપર બે સ્વારીઓ કરી. પેહેલીવાર હારી પાછું આવવું પડ્યું. પણ બીજી વાર મોટું યુદ્ધ કરી ત્યાંના રાજા સોમેશ્વરને માર્યો. સોમેશ્વરને માર્યો તેનું વેર લેવા સારૂં તેનો પુત્ર પૃથુરાજ પાટણ ઉપર ચઢી આવ્યો, તેની સાથે ભીમદેવે પ્રાબલ્ય યુદ્ધ કર્યું. પરંતુ હાર થઈ તથા નાશી ગયો. આ વખતે ગીજનીના મુસલમાન પુશ્કળ જોરપર આવ્યાં હતા. ત્યાંના પાદશાહ શાહાબુ-

દીનના સરદાર કુતુબુદ્દીને ઇ૦સ૦ ૧૧૯૫ માં પાટણ ઉપર ચઢાઈ કરી. તેથી ભીમ આગળની પેઠે નાશી ગયો. પછીથી ભીલ, કોળી અને રઝળતા મેર જાતના પાહાડી લોક વીગરે ભેગા કરી પાટણ પાછું ભીમદેવે સ્વાધિન કરયું. એ રાજા પડ્યો એટલે શોલંકી વંશનો અંત આવ્યો. કારણકે એને પેટ દીકરો નહોતો. શોલંકીવંશ ઇ૦સ૦ ૯૪૨ થાતે ૧૨૨૫ સુધી ૨૭૩ વરસ ચાલ્યો. ત્યાર પછી ગુજરાતની ગાદીએ વાઘેલાવંશની સ્થાપના થઇ.

प्रकरण ४ थुं.

વાઘેલાવંશ. આગળ લખ્યા પ્રમાણે ભીમદેવને પેટ દીકરો નહોવાથી તેની ગાદીએ વાઘેલા વંશની સ્થાપના થઇ. એ વંશની ઉપતિ આ પ્રમાણેછે. કુમારપાળને શોળંકી રજપૂત આર્ણો રાજકરીને મસીએ ભાઇ હતો. તેને કુમારપાળે વાઘેલ ગામ ગરાસમાં આપ્યું, તેથી તે વાઘેલ ગામમાં જઇ રહ્યો. તેનો દીકરો લવણપ્રસાદ થયો. તે ભોળા ભીમદેવનો પ્રધાન હતો. લવણપ્રસાદને વિરધવળનામે પુત્ર થયો તેને ગુજરાતની ગાદી મળી એ વાઘેલ ગામથી આવ્યા માટે એમને વાઘેલા કહેછે. વિરધવળ એણે ગુજરાતના બધા રાજાઓ ઉપર પોતાની સત્તા બેસાડી હતી. એ દયાળુ, ધર્મિષ્ટ અને પોતાની પ્રજાને સુખ આપનાર હતો. તેમજ એની પ્રજા પણ એના ઉપર ઘણોજ પ્રેમ રાખતી. તથા

એ મુઓ ત્યારે એના ભેગાં કેટલાંક માણસ બળી મુઆં.* એ-ના પછી એનો દીકરો વિશળદેવ પાટ બેઠો. વાઘેલા વંશનો એ પહેલો રાજા ગણાયછે.

વિશળદેવ. આ પ્રતાપી રાજાના વખતમાં ભારે દુકાળ પડ્યો હતો. તેથી એણે લોકોને ઘણીજ મદદ કરી હતી. એ દુ-કાળને લીધે સિંધના કેટલાક રજપુતો આવી કાઠીઆવાડમાં વ-શ્યા, તેમને કેટલેક દહાડે વિશળદેવે મૂળી, થાન ને ચોટીલાનો ગરાસ આપ્યો. એ રજપૂતોમા બે મુખ્ય સરદાર હતા. તેમાં-ના લધીરના વંશના લધીર રજપુતો કહેવાયા, એવોનું અદ્યાપી લગણ મૂળી ગામમ રાજ છે. વિશળદેવે વિશ્નગર અને વિ-જાપૂર વસાવ્યાં તથા વડોદરા પાસેનો ડભોઇનો કીલ્લો બંધાવ્યો. વળી મહમદે સોમનાથ વિગરે દેરાંને તોડ્યાં હતાં તે સુધરા-વ્યાં. એના દરબારમાં હોરમઝ ખોજા, ઈબ્રાહિમ વિગરે મુસલ-માન ધર્મના અધીકારીઓ હતા. એની પછી ભીમદેવ, અરજુન-દેવ, સારંગદેવ તથા રાજા કરણ થયા. તેમાં પહેલા ત્રણના વ-ખતમાં કાંઇ જાણવા જેવી બિના બની નથી પણ છેલ્લા રાજા કરણના વખતમાં ઘણીએક જાણવા જેવી બિના બની છે.

કરણ. આ રાજા કરણઘેહેલો કહેવાય છે. કારણકે એણે કેટલાંક આંડાઇનાં કામ કર્યાં હતાં, એ રાજાને માધવ નામે નાગર બ્રાહ્મણ પ્રધાન હતો, તેની પદમણી નામે ઘણી ખૂ-

---

* વાઘેલાવંશના રાજાઓએ કયાંથી કયાં લગણ રાજ કર્યું એ ખચીત થતું નથી.

ખુબસુરત સ્ત્રી હતી, તેના ઉપર રાજા આશક થયો, તેથી કાંઇ કામનું બહાનું કહાડી માધવને પ્રદેશ મોકલી પોતે તેના ઘર ઉપર ચડાઈ કરી, ને તેના ભાઈ કેસવને મારી પદમણી ઉપર બળાત્કાર કર્યો, ને પછી તેને પોતાને ઘેર લેઈ ગયો. તેથી માધવે ક્રોધ કરી દિલ્લીના બાદશાહ અલ્લાઉદ્દીનખુનીને કરણ ઉપર ચડાઇ કરવા ઉશ્કેર્યો. અલાઉદ્દીને ઈ૦ સ૦ ૧૨૯૭માં પોતાના બાઇ અલી ફખાનને તથા પોતાના સરદાર નસરતખાનને ગુજરાત ઉપર મોકલ્યા. એ ઝનુની મુસલમાનોએ ગુજરાતનો પાધર દેશ ઉજડ કરી રાજા કરણ સાથે પાટણ આગળ મોટું યુદ્ધ કર્યું ને પાટણ પોતાને સ્વાધીન લીધું. એટલે રાજા કરણ બાગલાણમાં નાશી ગયો, તેથી એની રાણીઓ,[૧] છોકરાં તથા માલ મીલકત અને સઘળું રાજ મુસલમાનોના હાથમાં આવ્યું. પછી મુસલમાનોએ કુમારપાળે સુધરાવેલું સોરઠી સોમનાથનું દેરૂં લુટ્યું અને તોડી નાખ્યું તથા ખંભાત જીત્યું. ખંભાતમાંથી તેમને એક ગુલામ મળ્યો. એ ગુલામ બહુ રૂપાળો હતો માટે પોતાના બાદશાહને ભેટમાં મોકલ્યો. એ રીતે ગુજરાતમાંથી હિંદુઓનું રાજ પરદેશી મુસલમાનોને સ્વાધીન થયું. ગુજરાતના રજપૂત રાજાઓમાં કરણ ઘેહેલો છેલો રાજા હતો. વાઘેલાવંશ ઈ૦ સ૦ ૧૨૧૫થી ઈ૦ સ૦ ૧૨૯૭ સુધી ૮૨ વર્ષ ચાલ્યો.

---

૧ એ રાણીઓમાં મુખ્ય કૌળાદેવી હતી, તે રૂપાળી, સદ્ગુણી ને ભણેલી હતી. એના ઉપર ઘણું દુઃખ પડ્યું છે, કારણકે એને ઘણા પુરૂષોના સ્ત્રી થઇને રેહેવું પડ્યું હતું, તેજ પ્રમાણે એની દીકરી દેવળદેવીને પણ ઘણા પુરૂષોની સ્ત્રી થઇને રેહેવું પડ્યું હતું.

प्रकरण ५ मुं.

रजपूतोनी राजरीति. रजपूतो हिंदुशास्त्रमां लख्या प्रमाणे राजनिति चलावता. पोते न्याय इन्साफ करता, ब्राह्मणोने पोतानी सघळी प्रजाओमां श्रेष्ठ मानता अने तेमने सारु वखते खीजी रैयत उपर जुलम पण कर्ता. वेपारी पासे माल उपर जगात अने खेडु पासे वजे लेता. तमज वसवायां पासे केटलीएक वेठ करावता. रैयतना सुखनेसारु अने पोतानी नामना सारु तथा पुन्यने सारु धर्मसाळा, तळाव, वाव्य तथा कूवा अने सदावृत बांधता. तेमज देवस्थान तथा धर्मदान पण पुष्कळ करता. ए रजपूतो पोतानी बहादुरी देखाडवा, राजय कन्या परणवा अने राज जीतवा प्रदेश उपर चढाईओ करता. एम छतां यावनादिको कोई राजा उपर चढाई करता तो बधा राजाओ संपीला थई तेनी साथे लढता हता.

रजपुतोनुं राज जवानुं कारण. उपर कह्या प्रमाणे प्रदेश उपर चढाईओ करवाथी आखरे एक खीजागांथी संपतुटयो, द्वेष भाव उत्पंन थओ अने एक बीजानी साथे लडाईओ करी निर्बळ थया, तेथी मुसलमानो एमना उपर जीत पाम्या अने राज खुंची लीधुं.

मुसलमानोनी अनीति. उपर लख्या प्रमाणे गुजरात रजपूतोना हाथमांथी जई मुसलमानोने हाथ आव्युं त्यारथी रैयतना पूर्णभोग भाग्या. ई० स० १२९७थी ते ई० स० १३९६

સુધી એટલે સ્વતંત્ર બાદશાહ થઆ ત્યાં સુધી ગુજરાત ઉપર વારંવાર નવા નવા સુબા આવ્યા. નવો આવનાર સુબો જુના સાથે લડાઈ કરે ત્યારે સુબાગીરી મળે. આ લડાઇનું ખરચ રૈયત ઉપર પડે, એટલુંજ નહિ, પણ નવા આવનાર સુબા પોતાનું ગજવું ભરવામાં બાકી રાખતા નહિ, તેથી બાપડી રૈયત ઘણી હેરાન થતી. વળી સ્વતંત્ર બાદશાહ થયા, તેમણે પણ ધર્મને બાને કેટલીએક હરકત કરી હતી તો પણ ઉપર કરતાં ઘણે દરજે રૈયતને સુખ હતું. ઈ૦સ૦ ૧૫૭૩માં ગુજરાત ઉપર દિલીના અકબર બાદશાહનું રાજ થયું, ત્યારથી પાછા સુબા આવવા લાગ્યા તે ઈ૦ સ૦ ૧૭૫૫ માં મરેઠાના હાથમાં આવ્યું ત્યાં સુધી આવ્યા. મુસલમાનોએ હિંદુનાં દેવળ તોડ્યાં, તેમને બળાત્કારે વટલાવ્યા અને અનેક પ્રકારના કર લીધા. ટુકામાં એટલુંજ કહેવાનું કે હિંદુઓને તે વખતમાં અત્યંત દુઃખ હતું.

મરેઠાનું અંધેર. ઉપર લખ્યા પ્રમાણે મુસલમાનનો જુલમ ઉતર્યો અને મરેઠાનો બેડો. મરેઠાની રાજનીતિનું તો કહેવુંજ શું. કાયદાનું તો નામજ નહિ અધિકારી બોલે તેજ કાયદો અધીકારીનું ગજવું ભરાય એટલે ગમે તમ હુકમ કરે. ચોરને શૂળીએ ચઢાવે અને ખુનીને કેદ કરે ઈત્યાદિ રીતનો ન્યાય. રક્ષણનું તો ઠેકાણુંજ શાનું. ધોળે દહાડે ચોરી થાય, ગામથી અધગાઉ પણ વળાવા વિના જવાય નહિ. તેમજ છતે પૈસે પણ સુખ ભોગવાય નહિ. જરા લીલો દેખે કે હાલતાં ચાલતાં દંડ. એટલા સારૂ લોક બાપડા ધોયેલા લૂગડાને મેલું કરીને પહેરતા. વળી

પરગણાં ઇજારે અપાતાં તેથી જે ઇજારદાર આવે તે કેર કરી મારી જુદી પૈસા લે. કારણ કે એ ભાડાની વહેલ જેવા, એટલે રૈયતના સુખની દરકારતો રાખેજ શાના. ઉલટું એમ ધારેકે "કાલે ઇજારો પુરો થશે એટલે ઘેર બેસવું પડશે. માટે પૈસા એકઠા કર્યા એ ખરા." એવું એવું દુઃખ બાપડી રૈયતે આસરે પોણોસો વરસ લગી ભોગવ્યું. પછી ઇશ્વરકૃપા વડે માબાળુ ઇંગ્રેજી રાજ ઇ૦ સ૦ ૧૮૦૦ ની સાલે આવ્યું ત્યારથી રૈયત પાનાફુલામાં દહાડા કહાડે છે અને પોતાની પેદાશનો છેક ગરીબાઇથી તે તવંગર સુધી પૂર્ણ રીતે ઉપભોગ ભોગવે છે, માટે પ્રભુ કરે ને ઇંગ્રેજી રાજ અચળ રહે.

હાલનાં ખંડીઆં સંસ્થાનો.※

ગુજરાતમાં નાનાં મોટાં મળીને કુલ ૩૨૫ કરતાં વધારે ખંડીઆં સંસ્થાનછે.* ને તે દરેક સંસ્થાન એકેકા રાજાને તાબેછે. તેઓ ઘણું કરીને કોઇ મરેઠા કોઇ રજપૂત, કોઇ મુસલમાન અને કોઇ કાઠી વાઘેરા તથા કોળી છે.

મરેઠા. વડોદરામાં મરેઠા જાતનો ગાયકવાડ રાજા રાજ કરેછે,† એનો મુલક ઘણો વિસ્તારતોછે. એ ગુજરાતમાં સર્વનાથી મોટો રાજા ગણાયછે. એ રાજની સ્થાપના પીલાજી ગાય-

---

※ ગુજરાતમાં દીવબેટ પોર્તુગીજ અને જાફરાબાદ હબશી લોકોને તાબે છે.

* ભુગોળમાં જે સંસ્થાનો આવે તે દરેક એકેકા રાજાના હાથમાંછે એવું સમજવું.

† ઇંગ્રેજ સરકાર એ રાજા પાસે પોતાની ગાદીના હકથી ખંડણી લે છે એવું જાણવામાં આવ્યું છે.

ક્વાડે સન ૧૭૩૦ માં કરી હતી. ગાયકવાડ રાજાઓને "સેના ખાસકેલ સમસેર બાહાદુરનો" ઈલકાબછે.

રજપુત. આ જાતના રાજાઓ ઘણાછે, તેમાં મુખ્ય જાણવા જેવા ભાવનગર, નવાનગર, વઢવાણ, લીમડી, ધ્રાંગધ્રા, સાયલા, પોરબંદર (સદામાપુરી) મોરબી, ગોંડલ, ઈડર, દાંતા, નાંદોદ, છોટાઉદેપૂર, બારીઆ, લુણાવાડા, વાંસદા અને ધર્મપૂર વિગેરેના રાજાઓછે.

મુસલમાન. આ જાતના ઘણું કરીને બધા રાજાઓને નવાબ કહેછે. તેઓમાં મુખ્ય જુનાગઢ,* ખંભાત, પાલણપૂર, રાધનપૂર, સચીન અને વાડાસીનોર* વિગેરેના રાજાછે.

કાઠી. આ જાતના રાજાઓનું કાઠીઆવાડ શિવાય બીજે કોઈ ઠેકાણે રાજ જણાતું નથી. તેઓમાં મુખ્ય જેતપૂર (આમાં ઘણાકભાગછે.) જસદણ, બીલખા, બગસરા વિગરેના રાજાછે. કાઠી લોકોમાં વાળા, ખાચર, ખુમાણ ઇત્યાદિ ઘણી જાતોછે.

વાઘેરા. આ જાતના રાજાઓના કાઠીઆવાડની પશ્ચિમના ઓખામંડળ પ્રાંતમાં ચાર રાજછે. એ શિવાય એ લોકોનાં બીજે કોઈ ઠેકાણે રાજ જણાતાં નથી.

કોળીઠાકરડા. આ જાતના લોકોનું રાજ પાલણપૂર ઇલાકામાં ભાભર અને કાંકરેજ નામનાં સંસ્થાનોમાં તથા મહી અને નર્મદા કાંઠાના કેટલાક સંસ્થાનામાંછે.※

---

* આ નવાબો બાબીનવાબ- કહેવાયછે.

※ મહી અને નર્મદા કાંઠાના કોળી ઠાકરડા મેવાસી નામે ઓળખાયછે.

સ્થળો તથા મકાનો.

આબુ. આ પહાડ ગુજરાતની ઉત્તરેછે. એના ઉપર વશીષ્ઠમુની, અર્બુદાદેવી, અચળેશ્વર અને પારશ્વનાથ વિગેરેનાં ઘણાં દેરાંછે. વળી તેજપાળ અને વિમળશાહનાં બંધાવેલાં જૈનનાં દેરાં સરસ અને મોટાં છે. એ પહાડ ઉપર જૈનોનું પહેલવેહેલું દેરૂં વિમળશાહે ૧૦૩૧ માં બંધાવ્યું; ત્યાર પછી બીજાં જૈનનાં દેરાં થયાં. તેજપાળ તથા વિમળશાહનાં દેરાંના માંહેલા કોરણી ઘણીજ વખાણવા લાયક છે. વળી એના ઉપર નખી તળાવ તથા અગ્નિકુંડ છે તેની શોભા પણ ઘણીજ અલૌકીક છે. આબુ ઉપરની હવા ઘણી સારી છે, તેથી ઉનાળામાં કેટલાક સાહેબ લોકો ત્યાં હવા ખાવા જાય છે. એના પાસે અચળઘઢનો કીલ્લો છે, ત્યાં શ્રાવણ ભાદરવો નામે સુંદર તળાવછે. એ અચળઘઢમાં ચંદ્રાવતી નગરીના પરમાર રાજાનું ગજ હતું. એ રાજાને તાબે પ્રહ્લાદપટણ (પાલણપૂર) હતું એવું જણાય છે. એ પાલણપૂર ધારાવર્ષના ભાઈ પ્રહ્લાદે વસાવેલું છે.

ગીરનાર. આ પાહાડ જુનાઘઢની પાસેછે. એના ઉપર શ્રાવક ધર્મનાં નેમનાથજી, આદીનાથજી વિગરેનાં દેરાં (ટુંકો) ઘણાં છે. કેટલીક ટુંકો ઘણી ઊંચી તથા વખાણવા યોગ્ય છે. તેમજ મેશ્રી ધર્મનાં પણ ગુરૂદત્તાત્રી (આગળ કહેલા નેમનાથજી) અંબાજી વિગરેનાં દેરાં છે. ગિરનાર ઉપર ફુલઝાડ તથા પડો પાંદડી આદી લેઈને ઝાડોની શોભા મનને આનંદ પમાડે એવી છે. વળી ગૌમુખી ગંગા અને દામોદરકુંડ આગળના જગા પણ આરામ લેવા લાયક છે. એ પહાડ ઉપર ચઢવાને કેટલેક સુધી પગથીઆં બાંધેલાં છે પરંતુ ચોથા તથા પાચમી ટુંક આગળનો રસ્તો ઘણોજ વિકટ છે.

સેત્રૂંજો. આ પાહાડ પાલીતાણા પાસે છે. એ શ્રાવકોનું પ્રાચિન ને ઉગ્ર તિર્થ છે. એના ઉપર જૈનધર્મનાં અતિઘણાં દેરાં છે, તેમાનાં કેટલાંએક તો અદ્ભૂત અને મોટાં છે. ત્યાં મુખ્ય બાવન જૈનાલય કહેવાય છે. એ પહાડ ઉપર

કાંઇ ઝાઝી વનસ્પતિ નથી. કોઇ કોઇ ઠેકાણે વાંસનાં ઝાડ દીઠામાં આવે છે. એનો ચઢાવ ગીરનાર કરતાં ઘણોજ કઠણ છે. સેતુંજા ઉપર ભાવડના દીકરા જાવડે સંવત ૧૦૮મા કેટલાંક જૈન ધર્મનાં દેરાં બંધાવ્યાં હતાં. ભાવડ ને મધુમાવતી એટલે મોવા એ ગામ વિક્રમાજીત તરફથી ઇનામમાં મળચું હતું એવો લેખ છે.

અમદાવાદ. ગુજરાતમાં જે સ્વતંત્ર બાદશાહ થયા તેમાં અહમદશાહ નામે બીજો બાદશાહ થયો. તેણે ઇ. સન ૧૪૧૧-૧૨ માં આ શેહેર વસાવી પોતના નામ ઉપરથી એનું નામ અમદાવાદ પાડ્યું, ને પોતાની રાજધાની કરી, એના પછી થનારા મુસલમાન રાજાઓની રાજધાની એમાં રહી એટલુંજ નહિ-પણ પછીના પેશ્વા અને ગાયકવાડના રાજમાં પણ એજ ગુજરાતની રાજધાની હતી. વળી હાલ કાળ ઈંગ્રેજના રાજમાં પણ એજ ગુજરાતની રાજધાની ગણાય છે. રાજધાનીના કારણને લીધે એને રાજનગર પણ કહે છે. એ સન ૧૭૫૫ માં પેશ્વ તથા ગાયકવાડને તાબે થયું અને સન ૧૭૮૦ માં અંગ્રેજ સરકારને તાબે થયું. એમાં મુસલમાન બાદશાહઓની બંધાવેલી ઘણીએક મસીદો તથા અજીરા જોવા લાયક છે. તેમાં મુખ્ય જુમામસીદ અને બાદશાહ તથા રાણીના હજીરા છે. તેમજ સ્વામીનારાયણની હવેલી, શેઠ હઠીસિંગનું દેવળ, ભદ્રનો કીલ્લો, પાદશાહવાડીનો મેહેલ અને સાબરમતી ઉપરનો એલીસબ્રિજનો પુલ. જોવા લાયક છે. વળી શેહેરની આસપાસ દાદાહરીની ને અડાલજની વાવ્ય મલેકશાહબાનું ને કાંકરીઆ તળાવ અને વટવાનો રોજો એ પણ વખાણવા યોગ્ય છે.

ચૂકો. આરંભમાંજ પ્રકણની જગાએ પ્રકરણ, લુની જગાએ લું એને ૭૦ કરોડની જગાએ ૭૦ લાખ, તથા ૨ લાખને ૩૦ હજારની જગાએ ૨૩ લાખ જોઇએ. વળી પૃષ્ટ ૬ ઠે કોંસમાં જીલો ને ઠેકાણે જીલ્લા, પૃષ્ટ ૧૧ મે તથા ૧૩ મે પ્રાક્રમને બદલે પરાક્રમ અને પૃષ્ટ ૧૫ મે ૧૨૨૫ની જગાએ ૧૨૧૫ જોઇએ.